| PUBLICATION NAME : | Nirmal Gujarat |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 11/01/24 |
| PAGE : | 2 |

# ઈડીઆઈઆઈ દ્વારા 'ઈન્ફ્યુઝિંગ ટેક્નોલોજી ઈન એમએસએમઈ સેક્ટર' પર બે દિવસીય આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું




આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) એ એમએસએમઈ ક્ષેત્રે નવીનતા અને ટેક્નોલોજીકલ પ્રગતિને પ્રોત્સાહન આપવાના હેતુથી માઈક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઈઝિસ (એમએસએમઈ) સેક્ટરમાં ટેકનોલોજીનો અમલ કરવા પર બે દિવસીય આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન કર્યું હતું.

ભારત સરકારના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય (આઈસી સેક્શન) દ્વારા સમર્થિત આ કોન્ફરન્સનું મંગળવારે રિપબ્લિક ઓફ કોરિયાના માનનીય એમ્બેસડર શ્રી ચાંગ જે-બોક અને માનનીય અતિથિ ભારત સરકારના એમએસએમઈ મંત્રાલયના સંયુક્ત સચિવ સુશ્રી મર્સી ઈપાઓની હાજરીમાં ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. રસનાના ચેરમેન તથા સીઆઈઆઈ ટાસ્ક ફોર્સના ચેરમેન શ્રી પિરૂઝ ખંભાતા અને ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લા પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

કોન્ફરન્સે એમએસએમઈ સેક્ટરમાં ટેક્નોલોજીના પ્રસાર પર ચર્ચા કરવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડ્યું હતું, જેમાં મુખ્ય હિસ્સેદારો, નિષ્ણાંતો અને નીતિ ઘડનારાઓ એકસાથે લાવ્યાં હતાં. આ ઈવેન્ટમાં ગ્લોબલ આંત્રપ્રિન્યોરશિપ મોનિટરઃ ઈન્ડિયા રિપોર્ટ ૨૦૨૨-૨૩નું વિમોચન પણ થયું હતું, જે દેશના ઉદ્યોગસાહસિક ક્ષેત્રમાં મૂલ્યવાન આંતરદ્રષ્ટિ પ્રદાન કરે છે.

આ પ્રસંગે સંબોધન કરતાં એમ્બેસેડર ચાંગે કોરિયા-ભારત દ્વિપક્ષીય સંબંધોને બળ આપવાં એમએસએમઈની મુખ્ય ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે સહભાગીઓને ઉદ્યોગસાહસિકતાની શક્તિનો ઉપયોગ કરીને બંને દેશો વચ્ચેના સહકારને વધુ મજબૂત કરવા પ્રોત્સાહિત કર્યા હતાં. સુશ્રી મર્સી ઈપાઓએ તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, "અમે એમએસએમઈ સેક્ટરમાં નવીનતા અને વૈશ્વિક સ્પર્ધાત્મકતા તરફના બેનમૂન પરિવર્તનના સાક્ષી હોવાથી, હું ઉદ્યોગસાહસિકોને વાઈબ્રન્ટ ઈકોસિસ્ટમ્સ, સહાયક નીતિઓ અને સંશોધન પર ધ્યાન કેન્દ્રિત કરીને ઉપલબ્ધ વિપુલ તકોનો લાભ લેવા પ્રોત્સાહિત કરું છું. આવો, સામૂહિક રીતે એમએસએમઈ ક્ષેત્રને ઉન્નત કરીએ અને આર્થિક વૃદ્ધિમાં નોંધપાત્ર યોગદાન આપીએ. મંત્રાલયના ઉદ્દેશ્યોને આગળ વધારવામાં અને દેશના આર્થિક વિકાસમાં અર્થપૂર્ણ યોગદાન આપવા માટે ઈડીઆઈઆઈની મુખ્ય ભૂમિકાને હું બિરદાવું છું." શ્રી ખંભાતાએ તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, "આર્થિક વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપવાનું લક્ષ્ય રાખતા એમએસએમઈ ઉદ્યોગસાહસિકો માટે ઉદ્યોગસાહસિક કુશળતા એ એક મુખ્ય પરિબળ છે.